પરિપત્ર

ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૧૮/ ૫૫૦૧ - ૫૫૬૪
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
સેકટર -૧૦ બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૨૬ /૧૨/૨૦૧૮

પ્રતિ,
જિલ્લાશિક્ષણાધિકારીશ્રી, (તમામ)
ગુજરાત રાજ્ય

વિષય:- રાષ્ટ્રીય મતદાતા દિન-૨૦૧૯ની ઉજવણી કરવા બાબત.
તા. ૨૫/૦૧/૨૦૧૯

સંદર્ભ:- શિક્ષણ વિભાગ સચિવાલય ગાંધીનગરના પત્ર ક્રમાંક:પરચ-૧૨૨૦૧૮-૪૩૦-વ.૨.
તા.૦૭/૧૨/૨૦૧૮.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનુ કે, ચૂંટણી પંચ નવી દિલ્હીની સ્થાપના ના દિવસને કેન્દ્ર સરકાર ધ્વારા “રાષ્ટ્રીય મતદાતા દિન” તરીકે જાહેર કરવામાં આવેલ છે. દર વર્ષે ૨૫મી જાન્યુઆરીના રોજ રાજ્ય કક્ષાએથી લઇ મતદાન મથક સુધી આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.તદનુસાર રાષ્ટ્રીય મતદાતા દિવસ,૨૦૧૯ની ઉજવણી તા.૨૫/૦૧/૨૦૧૯ના રોજ કરવામાં આવનાર છે. ઉજવણીના ભાગરૂપે ભારતના ચૂંટણી પંચે એક પ્રતિજ્ઞા પત્ર નિયત કર્યું છે જે રાષ્ટ્રીય મતદાતા દિનની ઉજવણીના સમારંભમાં ઉપસ્થિત તમામ વ્યક્તિઓએ સમૂહમાં વાંચીને પ્રતિજ્ઞા લેવાની રહે છે. આગામી રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી તા.૨૫/૦૧/૨૦૧૯, શુક્રવારના રોજ કરવામાં આવનાર છે. ચૂંટણી પંચ, નવી દિલ્હીની સૂચના અનુસાર આ પ્રતિજ્ઞા આપની કચેરીના પ્રત્યેક અધિકારી/ કર્મચારીઓ ધ્વારા તથા આપના હસ્તકની શાળાઓમાં કર્મચારીઓ ધ્વારા પ્રતિજ્ઞા લેવામાં આવે તે પ્રમાણેનું આયોજન કરવા વિનંતી છે. પ્રતિજ્ઞા પત્રની અંગ્રેજી, હિન્દી અને ગુજરાતી નકલ આ સાથે સામેલ રાખેલ છે જે આપની કચેરીમાં તથા શાળાઓમાં તા.૨૫/૦૧/૨૦૧૯ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે આ પ્રતિજ્ઞા લેવામાં આવે તે પ્રમાણેની વ્યવસ્થા કરવાની રહેશે.

આ પ્રતિજ્ઞા પત્ર આપની કચેરીમાં તેમજ શાળાઓમાં જાહેર નોટીસ બોર્ડ પર કાયમી ધોરણે રાખવામાં આવે તે પ્રમાણે વ્યવસ્થા કરવા વિનંતી છે.

બિડાણ:- પ્રતિજ્ઞા પત્ર

(બી.એન.રાજગોર)
સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર.

ક્રમાંક / ૮૩૦૬૮ / મા.વિ-૪
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
જોરાવર પેલેસ,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર.
તારીખ ૨૮ - ૧૨ - ૨૦૧૮

નકલ રવાના સાથે જાણ સારૂ.

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/બિન સરકારી
નોન ગ્રાન્ટેડ શાળાઓ તમામ

જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા જિલ્લા, પાલનપુર.

-23/01.19

# ELECTION COMMISSION OF INDIA

Pledge For National Voters' Day, 25th January 2019

"हम, भारत के नागरिक, लोकतंत्र में अपनी पूर्ण आस्था रखते हुए यह शपथ लेते हैं कि हम अपने देश की लोकतांत्रिक परम्पराओं की मर्यादा को बनाए रखेंगे तथा स्वतंत्र, निष्पक्ष एंव शांतिपूर्ण निर्वाचन की गरिमा को अक्षुण्ण रखते हुए, निर्भीक होकर, धर्म, वर्ग, जाति, समुदाय, भाषा अथवा अन्य किसी भी प्रलोभन से प्रभावित हुए बिना सभी निर्वाचनों में अपने मताधिकार का प्रयोग करेंगे"

"We, the citizens of India, having abiding faith in democracy, hereby pledge to uphold the democratic traditions of our country and the dignity of free, fair and peaceful elections, and to vote in every election fearlessly and without being influenced by considerations of religion, race, caste, community, language or any inducement"

# મતદારોએ લેવાની પ્રતિજ્ઞા

અમે, ભારતના નાગરિકો, લોકશાહી તંત્રમાં શ્રધ્ધા રાખીને આથી પ્રતિજ્ઞા લઈએ છીએ કે અમે અમારા દેશની લોકતાંત્રિક પરંપરાઓની અને મુક્ત, ન્યાયી તેમજ શાંતિપૂર્ણ ચૂંટણીઓની ગરીમા જાળવીશું તેમજ દરેક ચૂંટણીમાં નિર્ભયતાપૂર્વક અને ધર્મ, વંશ, જ્ઞાતિ, જાતિ, ભાષા કે અન્ય કોઈપણ પ્રકારના પ્રલોભનથી પ્રભાવિત થયા સિવાય મતદાન કરીશું.